| (3) | સાંધાળા ઉપાંગો | - | પ્રોન, સેન્ટીપીડ (કાનખજૂરો),તીડ |
| (4) | વિખંડી ખંડીકરણ | - | અળસિયુ, લીચ, યકૃતકૃમિ |

103. કોલેસાયટોકાયનીન આના પર ક્રિયા કરે છે :

(1) જઠરીય ગ્રંથિઓ અને યકૃત

(2) સ્વાદુપિંડ અને પક્વાશય

(3) સ્વાદુપિંડ અને આંતરડુ

(4) સ્વાદુપિંડ અને પિત્તાશય

104. પર્યાવરણને જાળવવા તથા તેની ગુણવત્તા સુધારવા, ભારત સરકારે પર્યાવરણ (જાળવણી) કાયદો, આ વર્ષમાં પસાર કર્યો :

(1) 1953

(2) 1923

(3) 1986

(4) 1968

105. સ્ત્રાવી પ્રોટીનના પૈકેજીંગ માટે નીચે પૈકી કયો માર્ગ/પથ શામેલ છે ?

(1) ગોલ્ગી કાયનું ટ્રાન્સ ફેસ → ગોલ્ગી કાયનું સિસ ફેસ → કણીકામય અંતઃકોષ રસજાળ (RER) → લીસી અંતઃ કોષ રસ જાળ (SER) → સ્ત્રાવી પુટિકાઓ

(2) કણીકામય અંતઃકોષ રસજાળ (RER) → ગોલ્ગી કાયનું સિસ ફેસ → ગોલ્ગી કાયનું ટ્રાન્સ ફેસ → સ્ત્રાવી પુટિકાઓ

(3) ગોલ્ગી કાયનું સિસ ફેસ → ગોલ્ગી કાયનું ટ્રાન્સ ફેસ → કણીકામય અંતઃકોષ રસજાળ (RER) → સ્ત્રાવી પુટિકાઓ

(4) કણીકામય અંતઃકોષ રસજાળ (RER) → ગોલ્ગી કાયનું ટ્રાન્સ ફેસ → ગોલ્ગી કાયનું સિસ ફેસ → સ્ત્રાવી પુટિકાઓ

106.

| | Substance | Glomerular Filterate | Reabsorbed | Urine |
|---|---|---|---|---|
| (i) | Proteins | 2 g | 1.9 g | 0.1 g |
| (ii) | Glucose | 162 g | 162 g | 0 g |
| (iii) | Urea | 54 g | 24 g | 30 g |
| (iv) | Creatinine | 1.6 g | 0 g | 1.7 g |

(a) Glucose is completely reabsorbed

(b) Urea is partially reabsorbed

(c) Proteins are secreted into urine

(d) Creatinine is secreted into urine

Which of the following options, in view of above statements is correct ?

(1) (a), (b) and (c)

(2) (b), (c) and (d)

(3) (a), (b) and (d)

(4) (a), (c) and (d)

107. Opposite type of phyllotaxy is **not** present in :

(1) Guava

(2) *Calotropis*

(3) Mint

(4) Mango

108. In gene therapy to treat adenosine deaminase deficiency disorder, which of the patients blood cells are used ?

(1) Erythrocytes

(2) Lymphocytes

(3) Both Erythrocytes and Lymphocytes

(4) Thrombocytes

109. Which one of the following is **not** an IUD ?

(1) Cu T

(2) Multiload 375

(3) Progestasert

(4) Vaults

106.

| | પદાર્થ | ગ્લોમેરૂલર ગાળણ | પુનઃશોષણ | મૂત્ર |
|---|---|---|---|---|
| (i) | પ્રોટીન | 2 g | 1.9 g | 0.1 g |
| (ii) | ગ્લુકોઝ | 162 g | 162 g | 0 g |
| (iii) | યુરીઆ | 54 g | 24 g | 30 g |
| (iv) | ક્રિએટીએનાઈન | 1.6 g | 0 g | 1.7 g |

(a) ગ્લુકોઝનું સંપૂર્ણ શોષણ થાય છે.

(b) યુરીઆનુ આંશિક પુનઃ શોષણ થાય છે.

(c) મૂત્રમાં પ્રોટીનનો સ્ત્રાવ થાય છે.

(d) મૂત્રમાં ક્રીએટીનાઈનને સ્ત્રાવ થાય છે.

ઉપરનાં વિધાનને ધ્યાનમાં રાખતા નીચે આપેલા વિકલ્પોમાંથી ક્યું સાચું છે ?

(1) (a), (b) અને (c)

(2) (b), (c) અને (d)

(3) (a), (b) અને (d)

(4) (a), (c) અને (d)

107. સન્મુખ પ્રકારનો પર્ણવિન્યાસ અહીં જોવા **નથી** મળતો :

(1) જામફળ

(2) *આંકડો*

(3) ફુદીનો

(4) આંબો

108. એડીનોર્સીન ડીએમાઈનેઝ ઊણપ વિકૃતિના ઉપચાર માટે જનીન થેરાપીમાં, દર્દીના, કયા રૂધિર કોષો વપરાય છે ?

(1) રક્તકણો

(2) લસિકાકણો

(3) રક્તકણ અને લસિકાકણ બંને

(4) થ્રોમ્બોસાઈટ્સ બિમ્બાણુ

109. નીચે પૈકી ક્યું એક IUD **નથી** ?

(1) કોપર-ટી

(2) મલ્ટીલોડ 375

(3) પ્રોજેસ્ટાસર્ટ

(4) વોલ્ટસ

110. Growth hormone Auxin was isolated by F.W. Went from tips of seedling coleoptile of :
(1) Maize
(2) Wheat
(3) Oat
(4) Rice

111. In the heart, as the action potential reaches the AV node from the SA node, there is a delay of the action potential. This delay is important because :
(1) It allows atria to rest.
(2) It allows a stronger right atrial contraction.
(3) It allows ventricles to receive all the blood from the atria.
(4) It allows right atria to receive the blood from vena cava.

112. Pollen grains can be stored for years in liquid nitrogen, maintained at temperature :
(1) –20°C
(2) –70°C
(3) –196°C
(4) –120°C

113. Which of the following statements is true for phloem in plants ?
(1) Sieve tube elements are multicellular with wide lumen and rich cytoplasm.
(2) Companion cells help in maintaining the pressure gradient in sieve tubes.
(3) Phloem parenchyma is abundantly present in monocots.
(4) Phloem fibres are made up of collenchymatous cells.

114. Match **Column - I** with **Column - II** and select the **correct** option.

| | Column - I | | Column - II |
|---|---|---|---|
| (a) | *Plasmodium* | (i) | Ringworm |
| (b) | *Wuchereria* | (ii) | Amoebiasis |
| (c) | *Entamoeba* | (iii) | Elephantiasis |
| (d) | *Microsporum* | (iv) | Malaria |

Option :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (ii) | (iii) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (i) | (iii) | (ii) | (iv) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

110. એફ. ડબલ્યુ. વેન્ટે, વૃધ્ધિનો અંતઃસ્ત્રાવ, ઓક્ઝીન, આના બીજાગ્ર ભ્રુણાગ્રમોલમાંથી તારવ્યો :
(1) મકાઈના
(2) ઘઉંના
(3) ઓટ્‌ના
(4) ડાંગરના

111. હૃદયમાં, જ્યારે ક્રિયા ક્ષમતા SA કંદ થી AV કંદ પહોંચે છે ત્યારે ક્રિયા ક્ષમતા ધીમી પડે છે. આ ધીમુ પડવું અગત્યનું છે કારણ કે :
(1) તે કર્ણકને આરામ આપે છે.
(2) જમણી કર્ણકના સંકોચનને વધુ પ્રબળ બનાવે છે.
(3) ક્ષેપકોને કર્ણકો પાસેથી બધુ રૂધિર મેળવવામાં મદદ કરે છે.
(4) જમણા કર્ણકને મહા શીરા પાસેથી રૂધિર મેળવવામાં મદદ કરે છે.

112. પરાગ રજને વર્ષો પર્યંત પ્રવાહી નાઈટ્રોજનમાં, આ તાપમાને રાખી શકાય છે :
(1) –20°C
(2) –70°C
(3) –196°C
(4) –120°C

113. નીચે પૈકી કયું વિધાન વનસ્પતિ અન્નવાહક માટે **સાચું** છે ?
(1) ચાલની નલિકા ઘટકો બહુકોષીય હોય છે અને તેમનામાં પ્હોળું પોલાણ અને ભરપૂર કોષરસ હોય છે.
(2) સાથી કોષો, ચાલની નલિકામાં દાબ ઘનત્વ જાળવી રાખવામાં મદદ કરે છે.
(3) અન્નવાહક મૃદુતક કોષો, એકદળીમાં પુષ્કળ પ્રમાણમાં આવેલા હોય છે.
(4) અન્નવાહક રેસાઓ સ્થુલકોણક કોષોના બનેલા હોય છે .

114. **કોલમ-I** અને **કોલમ-II** ને યોગ્ય રીતે જોડો અને સાચો વિકલ્પ પસંદ કરો.

| | કોલમ-I | | કોલમ-II |
|---|---|---|---|
| (a) | *પ્લાઝમોડીયમ* | (i) | વલય કૃમિ |
| (b) | *વાઉકેરીઆ* | (ii) | અમીબાયાસીસ |
| (c) | *એન્ટમીબા* | (iii) | હાથીપગો |
| (d) | *માઈક્રોસ્પોરમ* | (iv) | મેલેરીઆ |

વિકલ્પ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (ii) | (iii) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (i) | (iii) | (ii) | (iv) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

115. Tree planting helps reduce global warming as trees :

(1) Give out $O_2$

(2) Create shade thereby cooling the ground

(3) Can sequester $CO_2$

(4) Can respire in light

116. Van Mahotsava is a festival of :

(1) Planting trees in open areas

(2) Taking oath to protect trees

(3) Worshipping trees

(4) Conservation of sacred groves

117. Which scientist proposed 'Rivet popper hypothesis' related to biodiversity and Ecosystems ?

(1) Alexander von Humboldt

(2) Paul Ehrlich

(3) David Tilman

(4) Tansley

118. Select the **wrong statement** :

(1) Law of Dominance and Law of Independent Assortment were proposed by Mendel

(2) Linkage and recombination were discovered by Sutton

(3) Three scientists independently rediscovered the Mendel's laws in 1900

(4) Chromosomal Theory of Inheritance was proposed by Sutton

119. Continued self-pollination results in :

(1) Heterosis

(2) Inbreeding depression

(3) Polyembryony

(4) Genetic drift

115. વૃક્ષારોપણ વૈશ્વિક ગ્રીષ્મતા (ગ્લોબલ વોર્મીંગ) ઘટાડવામાં મદદરૂપ છે કારણ કે વૃક્ષો -

(1) $O_2$ નું ઉત્સર્જન કરે છે.

(2) છાંયો બનાવી, જમીન ઠંડી કરે છે.

(3) $CO_2$ ને ગ્રાહી લે છે.

(4) પ્રકાશમાં શ્વસન કરી શકે છે.

116. વન મહોત્સવ, આનો ઉત્સવ છે :

(1) ખુલ્લા વિસ્તારોમાં વૃક્ષો રોપવાનો

(2) વૃક્ષોનું જતન કરવાની શપથ લેવાનો

(3) વૃક્ષોની પૂજા કરવાનો

(4) પવિત્ર વૃક્ષવાટિકાઓનું સંરક્ષણ કરવાનો

117. નિવસન તંત્રોમાં જૈવ વિવિધતાને લગતી 'રીવેટ પોપર સિધ્ધાંત' કયા વૈજ્ઞાનિકે સૂચવ્યો હતો ?

(1) એલેક્ઝાંડર વૉન હમબોલ્ટ

(2) પાઉલ એહરીચ

(3) ડેવીડ ટીલમેન

(4) ટેન્સલે

118. ખોટું વિધાન પસંદ કરો :

(1) પ્રભાવીપણાનો નિયમ અને કારકોના મુક્ત વિશ્લેષણનો નિયમ - બન્ને મેન્ડલે આપ્યા હતા.

(2) સંલગ્નતા અને પુનઃ સંયોજનની શોધ સટને કરી હતી.

(3) સન 1900 માં ત્રણ વૈજ્ઞાનિકોએ સ્વતંત્ર રીતે મેન્ડલના નિયમોની ફરીથી શોધ કરી.

(4) આનુવંશિકતાનો રંગસૂત્રીય વાદ સટને આપ્યો.

119. સતત સ્વપરાગણ, આમા પરિણમે છે :

(1) સંકરઓજ

(2) અંતઃપ્રજનનનું અવનમન

(3) બહુભ્રૂણતા

(4) જનીન વિચલન

120. An inflorescence with younger flowers at the base and the older ones at its apex is known as :

(1) Head
(2) Racemose
(3) Cymose
(4) Hypanthodium

121. Continental drift led to disappearance of a number of South American mammals because :

(1) there was an outbreak of a number of infectious diseases
(2) sudden change in the climatic conditions
(3) they were outcompeted by more highly evolved animals reaching here from North America
(4) alteration of vegetation was not conducive to their survival

122. Which one of the following is not true for the experiments of Mendel on pea ?

(1) He chose characters of two contrasting states
(2) He used true-breeding lines
(3) His observations were based on natural, open pollination
(4) His experiments had large sampling size

123. Restriction endonucleases are :

(1) Used for in vitro DNA synthesis
(2) Synthesized by bacteria as part of their defense mechanism
(3) Present in mammalian cell for degradation of DNA when the cell dies
(4) Used in genetic engineering for ligating two DNA molecules

124. Which of the following statements is not true ?

(1) Descending limb of loop of Henle is impermeable to solutes.
(2) Distal convoluted tubule functions in $K^+$, $Na^+$ homeostasis
(3) Descending limb of loop of Henle is impermeable to water.
(4) Loop of Henle is largely responsible for concentrated urine

120. જે પુષ્પવિન્યાસમાં તરૂણ પુષ્ણો તલસ્થ સ્થાને હોય અને પુખ્ત પુષ્પો અગ્રીય હોય તેને, આ કહેવાય :

(1) સ્તબક
(2) અપરિમિત
(3) પરિમિત
(4) ઉદુંબર

121. મહાદ્વિપોના ખસવાને લીધે ઘણા બધા દક્ષિણ અમેરિકાના સસ્તનો અદશ્ય થયા કારણ કે :

(1) ચેપી રોગોનો અતિ ફેલાવો થવાથી
(2) આબોહવા સ્થિતિમાં અચાનક પરિવર્તન થવાથી
(3) ઉત્તર અમેરિકાથી વધુ ઉત્ક્રાંત થયેલ પ્રાણીઓનું અહિ સ્થળાંતર થવાથી તેઓ સ્પર્ધામાંથી બહાર ફેંકાયા.
(4) તેમના અસ્તિત્વને ટકાવવા વનસ્પતિમાં થતા ફેરફારો સાનુકુળ ન હોતા.

122. મેન્ડલના વટાણા પરના પ્રયોગોને અનુલક્ષીને, નીચે પૈકી કયું સાચું **નથી** ?

(1) તેમણે બે વિરોધાભાસી અવસ્થાઓના લક્ષણો પસંદ કર્યા હતા.
(2) તેમણે શુધ્ધ વંશક્રમ વાપર્યા હતા.
(3) તેમનું અવલોકન કુદરતી અને મુક્ત પરાગનયન પર આધારિત હતું.
(4) તેમના પ્રયોગોમાં પ્રતિદર્શનું કદ વિશાળ હતું.

123. રીસ્ટ્રીક્શન એન્ડોન્યુકલીએઝ, આ છે :

(1) અંતઃપાત્ર DNA સંશ્લેષણ માટે વપરાય તે
(2) જીવાણું દ્વારા તેમની બચાવ પ્રક્રિયાના ભાગરૂપે સંશ્લેષિત થાય તે
(3) સસ્તોનાના કોષમાં, મૃત્યુ પર્યંત, તેના DNA ના વિઘટન માટે આવેલ હોય તે
(4) જનીન ઈજનેરી વિદ્યામાં, DNA ના બે અણુઓને જોડવા માટે વપરાય તે

124. નીચે પૈકી કયું વિધાન સાચું **નથી** ?

(1) હેન્લેના પાશનો અધોગામી હસી દ્રાવ્યો માટે અપ્રવેશશીલ હોય છે.
(2) $K^+$ અને $Na^+$ ની સમસ્થિતિ જાણવાનું કાર્ય દૂરસ્થ ગુંચળામય નલિકા કરે છે.
(3) હેન્લેના પાશનો અધોગામી હસ્ત પાણી માટે અપ્રવેશશીલ હોય છે.
(4) સાંદ્રિત મૂત્ર માટે હેન્લેનો પાશ બહુધા જવાબદાર હોય છે.

**125.** Which of the following pairs is **not** correctly matched ?

| **Vegetative Propagules** | | **Example** |
|---|---|---|
| (1) Offset | - | Water hyacinth |
| (2) Eyes | - | Potato |
| (3) Rhizome | - | Ginger |
| (4) Stolons | - | Agave |

**126.** What is not true for an angiospermic embryo sac ?

(1) It is present within an ovule.

(2) It represents female gametophyte.

(3) Its formation is preceded by meiosis.

(4) One male gamete is discharged into it during fertilization.

**127.** Which of the following enzymes is **not** protein ?

(1) Polymerase

(2) Ligase

(3) Lysozyme

(4) Ribozyme

**128.** The technique of DNA fingerprinting is superior to conventional fingerprinting because it can :

(1) Generate unique fingerprints for each finger.

(2) Compare the whole DNA sequence of two individuals.

(3) Differentiate between polymorphic DNA sequences among individuals.

(4) Be generated more rapidly, and is inexpensive.

**129.** Choose the false statement regarding *Petromyzon*.

(1) The body is devoid of scales

(2) Mouth is circular and lacks jaws

(3) It migrates to the ocean for spawning

(4) The circulatory system is closed

**125.** નીચે પૈકી કઈ જોડી સાચી **નથી** ?

| **વાનસ્પતિક પ્રજનન ભાગ** | | **ઉદાહરણ** |
|---|---|---|
| (1) ભૂસ્તારિકા | - | જળકુંભી |
| (2) આંખ | - | બટાકા |
| (3) ગાંઠામૂળી | - | આદુ |
| (4) વિરોહ | - | રામબાણ |

**126.** આવૃત્ત બીજધારીના ભ્રુણપુટને અનુલક્ષીને કયું સાચું **નથી** ?

(1) તે એક અંડકની અંદર આવેલ હોય છે.

(2) તે માદા જન્યુજનક દર્શાવે છે.

(3) તેના નિર્માણ પહેલા અર્ધીકરણ થાય છે.

(4) ફલન દરમ્યાન તેનામાં એક નર જન્યુ છુટું પડે છે.

**127.** નીચે પૈકી કયું ઉત્સેચક, પ્રોટીન **નથી** ?

(1) પોલીમરેઝ

(2) લીગેઝ

(3) લાયસોઝાઈમ

(4) રીબોઝાઈમ

**128.** DNA ફિંગરપ્રિન્ટીંગની તકનીક, પારંપરિક ફિંગરપ્રિન્ટીંગ કરતા ઉચ્ચ છે કારણ કે તે :

(1) તે દરેક અંગુલી માટે અજોડ ફિંગરપ્રિન્ટ ઉત્પન્ન કરે છે.

(2) બે વ્યક્તિઓની આખી DNA શ્રેણી સરખાવે છે.

(3) વિવિધ વ્યક્તિઓની બહુરૂપીય DNA શ્રેણીઓને અલગ પાડી શકે છે.

(4) વધુ ત્વરિત રીતે ઉત્પન્ન થાય છે અને તે સોંઘુ છે.

**129.** *પેટ્રોમાયઝોનને* અનુલક્ષીને ખોટું વિધાન પસંદ કરો.

(1) શરીર શલ્ક વિહિન હોય છે.

(2) મુખ વર્તુળી અને જડબા વગર હોય છે.

(3) અંડજનન માટે સમુદ્ર તરફ સ્થાનાંતરણ કરે છે.

(4) પરિવહનતંત્ર (અભિસરણ તંત્ર) બંધ હોય છે.

130. Which of the following symmetry is exhibited by Echinoderm Larvae ?

(1) Radial

(2) Asymmetrical

(3) Biradial

(4) Bilateral

131. What is the meaning of Bt in Bt cotton ?

(1) Baculovirus treated cotton seeds against pink boll-worm.

(2) Bigger thread of disease resistant cotton with better tensile strength.

(3) Cotton produced by Biotechnology using restriction Enzyme and Ligases to resist microbial infection.

(4) Cotton seeds carrying an endotoxin gene from *Bacillus thuringiensis* against pink boll-worm

132. A couple claimed in court that a child belonged to them. Their claim can be true if the DNA fingerprint pattern of the child shows :

(1) 100% similarity to both the parents' DNA fingerprint as both contribute equally to zygote formation.

(2) 100% similarity to mother's DNA print because of maternal inheritance.

(3) 100% similarity to father's DNA print due to large number of mitochondria in sperm.

(4) 50% bands similar to father and 50% similar to mother DNA fingerprint pattern.

130. નીચે પૈકી કઈ સમમીયતા શૂળત્વચી ડીમ્ભ દ્વારા દર્શાવાય છે ?

(1) અરીય

(2) અસમમિતી

(3) દ્વિઅરીય

(4) દ્વિપાર્શ્વ

131. Bt cotton માં Bt નો અર્થ :

(1) પીંક બોલવર્મની પ્રતિકાર સામે બેસીલો વાઈરસની સારવાર મળેલ કપાસના બીજ

(2) કપાસનો રોગપ્રતિકાર ધરાવતો લાંબો તાંતણો જેને વધુ સારી તાણ ક્ષમતા હોય.

(3) એ કપાસ જે રીસ્ટ્રીક્શન ઉત્સેચક અને લીગેઝ દ્વારા જૈવ તકનીકથી ઉત્પન્ન કરાય છે. જે સૂક્ષ્મજીવાણું ચેપને પ્રતિકારક હોય છે.

(4) પીંક બોલ વર્મ સામે જે કપાસના બીજ *બેસીલીસ થુરીન્જીએન્સીસ* માંથી મેળવેલ એન્ડોટોક્સીનની જનીન ધરાવે છે.

132. એક યુગલે કોર્ટમાં દાવો કર્યો કે બાળક તેમનું છે. આ દાવો ત્યારે સાચો હોય જ્યારે બાળકના DNA ફિંગર પ્રિન્ટની ભાત આ દર્શાવે :

(1) બંને પિતૃઓના DNA ફિંગર પ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે ફલિતાંડ નિર્માણમાં બંનેનું સમાન યોગદાન હોય છે.

(2) માતાના DNA ફિંગર પ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે આ માતૃ આનુવંશિકતા છે.

(3) પિતાના DNA ફિંગર પ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે શુક્રાણુઓમાં મોટી સંખ્યામાં કણાભસૂત્રો આવેલા હોય છે.

(4) DNA ફિંગર પ્રિન્ટની ભાતમાં 50% માતા અને 50% પિતા સાથે સામ્યતા દર્શાવે.

133. Select the **wrong** statement :

(1) There is now enough evidence that essential processes like metabolism, translation and splicing evolved around RNA

(2) DNA may act as a catalyst

(3) RNA can splice itself and is also able to act as a catalyst

(4) DNA stores genetic information

134. Which of the following statements is **not true** ?

(1) A single organism can feed at several trophic levels

(2) Detritivores feed at all trophic levels except the producer level

(3) Primary consumers are herbivores

(4) Energy pyramids of an ecosystem tend to diminish at higher trophic levels

135. The difference between Marasmus and Kwashiorkor is that :

(1) Marasmus is caused by deficiency of Vitamin B while Kwashiorkor is caused by the deficiency of Vitamin D.

(2) Marasmus is caused by a calorie deficiency while Kwashiorkor is caused by protein deficiency.

(3) Marasmus is a simultaneous deficiency of proteins and calories while Kwashiorkor is due to just protein deficiency unaccompanied by calorie deficiency.

(4) Marasmus is a deficiency of just proteins while Kwashiorkor is due to a deficiency of both proteins and calories.

136. The energy liberated per nuclear fission is 200 MeV. If $10^{20}$ fissions occur per second the amount of power produced will be :

(1) $32 \times 10^{8}$ W

(2) $16 \times 10^{8}$ W

(3) $5 \times 10^{11}$ W

(4) $2 \times 10^{22}$ W

133. ખોટું વિધાન પસંદ કરો :

(1) હવે, એવી પૂરતી સાબિતી છે કે આવશ્યક પ્રક્રિયાઓ જેવી કે ચયાપચય, પ્રોટીન સંશ્લેષણ અને સ્પ્લાઈસીંગનો ઉદ્‌ભવ RNA ની આસપાસ (ફરતે) થયો હતો.

(2) DNA ઉત્પ્રેરક તરીખે કામ કરી શકે.

(3) RNA સ્વછેદન કરી શકે (સ્પ્લાઈસ) અને ઉત્પ્રેરક તરીખે પણ કાર્ય કરી શકે છે.

(4) DNA, જનીનિક માહિતીનો સંચય કરે છે.

134. નીચે પૈકી ક્યું વિધાન સાચું **નથી** ?

(1) એક જ સજીવ વિવિધ પોષક સ્તરોએ પોષણ મેળવી શકે છે.

(2) મૃતોપજીવીએ બધા પોષક સ્તરોએ પોષણ મેળવી શકે છે સિવાય કે ઉત્પાદક સ્તરે.

(3) પ્રાથમિક ઉપભોક્તાએ તૃણાહારી હોય છે.

(4) નિવસન તંત્રના ઊર્જા પિરામીડ ઉચ્ચ પોષક સ્તરો તરફ જતા ઘટતી જાય છે.

135. મરાસ્મસ અને ક્વાશીયોરકર વચ્ચે આ તફાવત છે ?

(1) મરાસ્મસ વિટામીન B ની ઊણપથી થાય છે. જ્યારે ક્વાશીયોરકર વિટામીન D ની ઊણપથી થાય છે.

(2) મરાસ્મસ કેલરીની ઊણપથી થાય છે જ્યારે ક્વાશીયોરકર પ્રોટીનની ઊણપથી થાય છે.

(3) મરાસ્મસ, એક સાથે પ્રોટીન અને કેલરી-બંનેની ઊણપથી થાય છે જ્યારે ક્વાશીયોરકર એ માત્ર પ્રોટીનની ઊણપ છે, કેલરીની નહીં.

(4) મરાસ્મસ એ માત્ર પ્રોટીનની ઊણપ છે જ્યારે ક્વાશીયોરકર એ પ્રોટીન અને કેલરી બંનેની ઊણપ છે.

136. પ્રતિ ન્યુક્લિયર વિખંડન ઉત્સર્જીત ઊર્જા 200 MeV છે. જો $10^{20}$ વિખંડન પ્રતિ સેકન્ડ થતા હોય તો ઉત્પન્ન થતા પાવરનો જથ્થો હશે :

(1) $32 \times 10^{8}$ W

(2) $16 \times 10^{8}$ W

(3) $5 \times 10^{11}$ W

(4) $2 \times 10^{22}$ W

137. If the angle of a prism is 60° and angle of minimum deviation is 40°, then the angle of refraction will be :

(1) 30°

(2) 20°

(3) 3°

(4) 4°

138. In an experiment of photoelectric effect the stopping potential was measured to be $V_1$ and $V_2$ with incident light of wavelength $\lambda$ and $\lambda/2$, respectively. The relation between $V_1$ and $V_2$ is :


(1) $V_2 < V_1$

(2) $V_1 < V_2 < 2V_1$

(3) $V_2 = 2V_1$

(4) $V_2 > 2V_1$

139. A uniform magnetic field of 0.3 T is established along the positive Z-direction. A rectangular loop in XY plane of sides 10 cm and 5 cm carries a current of I = 12 A as shown. The torque on the loop is :




(1) $-1.8\times10^{-2}\,\hat{j}$ Nm

(2) Zero

(3) $-1.8\times10^{-2}\,\hat{i}$ Nm

(4) $+1.8\times10^{-2}\,\hat{i}$ Nm

137. જો પ્રિઝમ કોણ 60° અને લઘુત્તમ વિચલન કોણ 40° હોય, તો વક્રિભવન કોણ થશે :

(1) 30°

(2) 20°

(3) 3°

(4) 4°

138. ફોટોઈલેક્ટ્રિક ઈફેક્ટના એક પ્રયોગમાં $\lambda$ અને $\lambda/2$ તરંગલંબાઈના આપાત પ્રકાશ માટે માપવામાં આવતા સ્ટોપિંગ પોટેન્શિયલ અનુક્રમે $V_1$ અને $V_2$ છે. આ $V_1$ અને $V_2$ વચ્ચેનો સબંધ છે :


(1) $V_2 < V_1$

(2) $V_1 < V_2 < 2V_1$

(3) $V_2 = 2V_1$

(4) $V_2 > 2V_1$

139. 0.3 T નું એકસમાન ચુંબકીય ક્ષેત્ર ધન Z-દિશામાં પ્રસ્થાપિત કરેલ છે. XY પ્લેનમાં 10 cm અને 5 cm બાજુઓ વાળી એક લંબચોરસ લૂપને આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે મુકેલ છે જેનો પ્રવાહ I = 12 A ધારણ કરેલ છે. આ લૂપ પરનું ટોર્ક છે :




(1) $-1.8\times10^{-2}\,\hat{j}$ Nm

(2) શૂન્ય

(3) $-1.8\times10^{-2}\,\hat{i}$ Nm

(4) $+1.8\times10^{-2}\,\hat{i}$ Nm

**140.** A body initially at rest, breaks up into two pieces of masses 2 M and 3 M respectively, together having a total kinetic energy E. The piece of mass 2 M, after breaking up, has a kinetic energy :

(1) $\frac{E}{2}$

(2) $\frac{E}{5}$

(3) $\frac{3E}{5}$

(4) $\frac{2E}{5}$

**141.** A satellite of mass m is in circular orbit of radius $3\,R_E$ about earth (mass of earth $M_E$, radius of earth $R_E$). How much additional energy is required to transfer the satellite to an orbit of radius $9\,R_E$ ?

(1) $\frac{GM_Em}{18R_E}$

(2) $\frac{3GM_Em}{2R_E}$

(3) $\frac{GM_Em}{9R_E}$

(4) $\frac{GM_Em}{3R_E}$

**142.** A thin uniform rod of mass 'M' and length 'L' is rotating about a perpendicular axis passing through its centre with a constant angular velocity 'ω'. Two objects each of mass $\frac{M}{3}$ are attached gently to the two ends of the rod. The rod will now rotate with an angular velocity of :

(1) $\frac{1}{7}\omega$

(2) $\frac{1}{6}\omega$

(3) $\frac{1}{2}\omega$

(4) $\frac{1}{3}\omega$

**140.** પ્રારંભમાં સ્થિર પદાર્થ 2 M અને 3 M દળના બે ટૂકડામાં વહેંચાય છે અને તેમની બન્નેની મળીને કુલ ગતિ ઊર્જા E છે. ટૂકડામાં વહેંચાયા બાદ 2 M દળના ટૂકડાની ગતિ ઊર્જા છે :

(1) $\frac{E}{2}$

(2) $\frac{E}{5}$

(3) $\frac{3E}{5}$

(4) $\frac{2E}{5}$

**141.** પૃથ્વી ફરતે $3\,R_E$ ત્રિજ્યામાં m દળનો એક ઉપગ્રહ ગોળાકાર કક્ષામાં છે (પૃથ્વીનું દળ $M_E$ અને પૃથ્વીની ત્રિજ્યા $R_E$). આ ઉપગ્રહને $9\,R_E$ ત્રિજ્યાની કક્ષામાં લઈ જવા માટે જરૂરી વધારાની ઊર્જા કેટલી હશે ?

(1) $\frac{GM_Em}{18R_E}$

(2) $\frac{3GM_Em}{2R_E}$

(3) $\frac{GM_Em}{9R_E}$

(4) $\frac{GM_Em}{3R_E}$

**142.** 'M' દળનો અને 'L' લંબાઈનો એક પાતળો નિયમિત સળિયો તેના કેન્દ્રમાંથી પસાર થતી લંબ અક્ષ ફરતે અચળ કોણીય વેગ 'ω' થી ઘ્રુણન કરે છે. $\frac{M}{3}$ દળનો એક એવા બે પદાર્થ સળિયાના બે છેડા પર લગાડેલ છે. આ સળિયો કયા કોણીય વેગથી ઘ્રુણન કરશે ?


(1) $\frac{1}{7}\omega$


(2) $\frac{1}{6}\omega$


(3) $\frac{1}{2}\omega$


(4) $\frac{1}{3}\omega$

**143.** A cell of emf E and internal resistance 'r' is connected to a variable external resistor 'R'. The graph which gives the terminal voltage of cell 'V' with respect to R is :

(1) 


(2) 


(3) 


(4) 


**144.** Imagine earth to be a solid sphere of mass M and radius R. If the value of acceleration due to gravity at a depth 'd' below earth's surface is same as its value at a height 'h' above its surface and equal to $\frac{g}{4}$ (where g is the value of acceleration due to gravity on the surface of earth), the ratio of $\frac{h}{d}$ will be :


(1) $\frac{4}{3}$


(2) $\frac{3}{2}$


(3) $\frac{2}{3}$


(4) 1

**143.** E emf અને 'r' આંતરિક અવરોધનો એક કોષ ચલિત બાહ્ય અવરોધ 'R' સાથે જોડેલ છે. કયો આલેખ એ R ની સાપેક્ષે કોષનો ટર્મિનલ વોલ્ટેજ 'V' આપે છે ?

(1) 


(2) 


(3) 


(4) 


**144.** પૃથ્વીને M દળનો અને R ત્રિજ્યાનો એક ઘન ગોળો ધારો. જો પૃથ્વીની સપાટીથી નીચે 'd' ઉંડાઈએ ગુરૂત્વ પ્રવેગનું મૂલ્ય પૃથ્વીની સપાટીથી 'h' ઉંચાઈ ઉપરના ગુરૂત્વ પ્રવેગ જેટલું અને જે $\frac{g}{4}$ છે (જ્યાં g એ પૃથ્વીની સપાટી પરના ગુરૂત્વ પ્રવેગનું મૂલ્ય છે) તો $\frac{h}{d}$ નો ગુણોત્તર થશે :

(1) $\frac{4}{3}$

(2) $\frac{3}{2}$

(3) $\frac{2}{3}$

(4) 1

145. A parallel-plate capacitor is to be designed, using a dielectric of dielectric constant 5, so as to have a dielectric strength of $10^9 \, Vm^{-1}$. If the voltage rating of the capacitor is 12 kV, the minimum area of each plate required to have a capacitance of 80 pF is :

(1) $21.7 \times 10^{-6} \, m^2$

(2) $25.0 \times 10^{-5} \, m^2$

(3) $12.5 \times 10^{-5} \, m^2$

(4) $10.5 \times 10^{-6} \, m^2$

146. Inside a parallel plate capacitor the electric field E varies with time as $t^2$. The variation of induced magnetic field with time is given by :

(1) no variation

(2) $t^3$

(3) t

(4) $t^2$

147. A ball of mass 1 kg is thrown vertically upwards and returns to the ground after 3 seconds. Another ball, thrown at 60° with vertical also stays in air for the same time before it touches the ground. The ratio of the two heights are :

(1) 1 : 2

(2) 1 : 1

(3) 2 : 1

(4) 1 : 3

148. When the temperature of a gas is raised from 30° C to 90° C, the percentage increase in the r.m.s. velocity of the molecules will be :

(1) 10%

(2) 15%

(3) 30%

(4) 60%

149. A light beam is incident on a denser medium whose refractive index is 1.414 at an angle of incidence 45°. Find the ratio of width of refracted beam in a medium to the width of the incident beam in air.

(1) $1 : \sqrt{2}$

(2) $\sqrt{2} : 1$

(3) $\sqrt{2} : \sqrt{3}$

(4) $\sqrt{3} : \sqrt{2}$

145. એક સમાંતર પ્લેટ્સ કેપેસિટરને 5 ડાયઈલેક્ટ્રિક અચળાંક ધરાવતા ડાયઈલેક્ટ્રિકના ઉપયોગથી એ રીતે ડિઝાઈન કરવાનો છે કે તેની ડાયઈલેક્ટ્રિક સ્ટ્રેન્થ $10^9 \, Vm^{-1}$ થાય. જો કેપેસિટરનો વોલ્ટેજ રેટિંગ 12 kV હોય, તો 80 pF કેપાસિટન્સ હોય તેવા કેપેસિટરની દરેક પ્લેટ્નું લઘુત્તમ ક્ષેત્રફળ હોવું જોઈએ :

(1) $21.7 \times 10^{-6} \, m^2$

(2) $25.0 \times 10^{-5} \, m^2$

(3) $12.5 \times 10^{-5} \, m^2$

(4) $10.5 \times 10^{-6} \, m^2$

146. એક સમાંતર પ્લેટ કેપેસીટરમાં વિદ્યુતક્ષેત્ર E એ સમય સાથે $t^2$ રીતે બદલાય છે. પ્રેરીત ચુંબકીય ક્ષેત્રમાં સમય સાથેનો બદલાવ આપવામાં આવે છે :

(1) બદલાશે નહી

(2) $t^3$

(3) t

(4) $t^2$

147. 1 kg દળના એક દડાને ઉર્ધ્વ દિશામાં ઉપર ફેંકવામાં આવે છે જે 3 seconds બાદ ગ્રાઉન્ડ પર પરત ફરે છે. બીજા દડાને ઉર્ધ્વ સાથે 60° ના ખૂણે ફેંકવામાં આવે છે તે પણ ગ્રાઉન્ડ પર પરત ફરતાં પહેલા તેટલોજ સમય હવામાં રહે છે. આ બન્ને ઉંચાઈઓનો ગુણોત્તર છે :

(1) 1 : 2

(2) 1 : 1

(3) 2 : 1

(4) 1 : 3

148. જ્યારે વાયુના તાપમાનમાં 30° C થી 90° C નો વધારો કરવામાં આવે છે, ત્યારે અણુઓના r.m.s. વેગમાં થતો પ્રતિશત વધારો થશે :

(1) 10%

(2) 15%

(3) 30%

(4) 60%

149. એક ઘટ માધ્યમ કે જેનો વક્રિભવનાંક 1.414 છે તેના પર 45° ના ખૂણે પ્રકાશનું એક પૂંજ આપાત થાય છે. આ માધ્યમમાં વક્રિભૂત પુંજની પહોળાઈ અને હવામાં આપાત પુંજની પહોળાઈનો ગુણોત્તર શોધો :


(1) $1 : \sqrt{2}$


(2) $\sqrt{2} : 1$


(3) $\sqrt{2} : \sqrt{3}$


(4) $\sqrt{3} : \sqrt{2}$

**150.** A body starts moving unidirectionally under the influence of a source of constant power. Which one of the graph correctly shows the variation of displacement (s) with time (t) ?


(1) 


(2) 


(3) 


(4) 


**151.** In the electrical circuit shown in the figure, the current $i$ through the side AB is :





(1) $\frac{10}{33}$A


(2) $\frac{1}{5}$A


(3) $\frac{10}{63}$A


(4) $\frac{6}{25}$A

**150.** અચળ પાવરના એક ઉદ્‌ગમની અચળ નીચે એક પદાર્થ એક દિશામાં ગતિ કરવાનું શરૂ કરે છે. આપેલ આલેખોમાંથી ક્યો આલેખ સ્થાનાંતર (s) નું સમય (t) સાથેનો બદલાવ સાચી રીતે રજુ કરે છે ?


(1) 


(2) 


(3) 


(4) 


**151.** આકૃતિમાં દર્શાવેલ વિદ્યુત પરિપથમાં, AB બાજુમાંથી વહેતો પ્રવાહ $i$ છે :




(1) $\frac{10}{33}$A

(2) $\frac{1}{5}$A

(3) $\frac{10}{63}$A

(4) $\frac{6}{25}$A

152. A cyclist on a level road takes a sharp circular turn of radius 3 m ($g = 10\ ms^{-2}$). If the coefficient of static friction between the cycle tyres and the road is 0.2, at which of the following speeds will the cyclist not skid while taking the turn ?


(1) $7.2\ km\ h^{-1}$

(2) $9\ km\ h^{-1}$


(3) $10.8\ km\ h^{-1}$


(4) $14.4\ km\ h^{-1}$


153. Two sides of a semiconductor germanium crystal A and B are doped with arsenic and indium, respectively. They are connected to a battery as shown in figure.





The correct graph between current and voltage for the arrangement is :

(1) 


(2) 


(3) 


(4) 


152. એક સમતલ રોડ પર એક સાયકલ સવાર 3 m ત્રિજ્યાનો એક શાર્પ વર્તુળાકાર વળાંક લે છે ($g = 10\ ms^{-2}$). જો સાયકલના ટાયર અને રોડ વચ્ચેનો સ્થિત ઘર્ષણાંક જો 0.2 હોય, તો નીચેમાંની કઈ ઝડપે વળાંક લેતા આ સાયકલ લપસસે નહીં ?


(1) $7.2\ km\ h^{-1}$

(2) $9\ km\ h^{-1}$


(3) $10.8\ km\ h^{-1}$


(4) $14.4\ km\ h^{-1}$


153. અર્ધવાહક જર્મેનિયમ સ્ફટિકની બે બાજુઓ A અને B ને આર્સેનિક અને ઈન્ડિયમ વડે ક્રમશઃ ડોપિંગ કરેલ છે. જેમને બેટરી સાથે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જોડેલ છે.





આ ગોઠવવા માટે વોલ્ટેજ-પ્રવાહનો સાચો ગ્રાફ છે :

(1) 


(2) 


(3) 


(4) 

**154.** Two coherent sources of intensity ratio $\alpha$ interfere. The value of $\frac{I_{max} - I_{min}}{I_{max} + I_{min}}$ is :

(1) $\frac{2\sqrt{\alpha}}{1+\alpha}$

(2) $\frac{1+\alpha}{2\sqrt{\alpha}}$

(3) $\frac{1-\alpha}{1+\alpha}$

(4) $2\sqrt{\frac{\alpha}{1+\alpha}}$

**155.** In a certain planetary system, it is observed that one of the celestial bodies having a surface temperature of 200 K, emits radiation of maximum intensity near the wavelength 12 $\mu$m. The surface temperature of a nearby star which emits light of maximum intensity at a wavelength $\lambda = 4800$ Å, is :


(1) 5000 K

(2) 2500 K

(3) 10000 K

(4) 7500 K

**156.** From the circuit of the following Logic gates, the basic logic gate obtained is :





(1) AND gate

(2) OR gate

(3) NOT gate

(4) NAND gate

**157.** A bulb connected in series with an air-cored solenoid is lit by an a.c. source. If a soft iron core is introduced in the solenoid.




(1) The bulb will glow brighter.

(2) There is no change in glow of bulb.

(3) The bulb will become dimmer.

(4) The bulb stops glowing.

**154.** જેમની તીવ્રતાનો ગુણોત્તર $\alpha$ છે તેવા બે સુસંબધ ઉદ્દગમો અંતરક્ષેપ પામે છે. $\frac{I_{max} - I_{min}}{I_{max} + I_{min}}$ નું મૂલ્ય છે :

(1) $\frac{2\sqrt{\alpha}}{1+\alpha}$

(2) $\frac{1+\alpha}{2\sqrt{\alpha}}$

(3) $\frac{1-\alpha}{1+\alpha}$

(4) $2\sqrt{\frac{\alpha}{1+\alpha}}$

**155.** કોઈ એક ચોક્કસ ગ્રહ માળામાં એક જોવા મળેલ છે કે કોઈ એક અવકાશી પદાર્થ કે જેની સપાટીનું તાપમાન 200 K છે તે મહત્તમ તીવ્રતાના વિકિરણ ઉત્સર્જીત કરે છે કે જેની તરંગલંબાઈ 12 $\mu$m નજીકની છે. આની નજીકનો તારો કે જે મહત્તમ પ્રકાશ ઉત્સર્જીત કરે છે તેની તરંગલંબાઈ $\lambda = 4800$ Å છે તો આ તારાની સપાટીનું તાપમાન છે :


(1) 5000 K

(2) 2500 K

(3) 10000 K

(4) 7500 K

**156.** નીચે આપેલ લોજીક ગેટ્સની સર્કિટમાંથી મૂળભુત લોજીક ગેટ મેળવી શકાય છે તે :





(1) AND ગેટ

(2) OR ગેટ

(3) NOT ગેટ

(4) NAND ગેટ

**157.** એક એર-કોર સોલેનોઈડ સાથે શ્રેણીમાં જોડેલ બલ્બ એક a.c. ઉદ્દગમથી પ્રજ્વલીત થાય છે. જો સોલેનોઈડમાં એક નરમ લોખંડની કોર દાખલ કરવામાં આવે તો :




(1) બલ્બ વધારે તેજસ્વીતા સાથે પ્રજ્વલીત થશે.

(2) બલ્બની તેજસ્વીતામાં કોઈ ફેરફાર નહીં થાય.

(3) બલ્બ હવે મંદ (dim) થશે.

(4) બલ્બ પ્રજ્વલીત થવાનું બંધ થશે.

158. A molecule of a substance has permanent dipole moment p. A mole of this substance is polarised by applying a strong electrostatic field E. The direction of the field is suddenly changed by an angle of 60°. If N is the Avogadro's number the amount of work done by the field is :

(1) $\frac{1}{2}NpE$

(2) $NpE$

(3) $\frac{3}{2}NpE$

(4) $2NpE$

159. Two open organ pipes of fundamental frequencies $n_1$ and $n_2$ are joined in series. The fundamental frequency of the new pipe so obtained will be :


(1) $\frac{n_1+n_2}{2}$

(2) $\sqrt{n_1^2+n_2^2}$

(3) $\frac{n_1 n_2}{n_1+n_2}$

(4) $(n_1+n_2)$

160. A metal block of base area $0.2\ m^2$ is connected to a 0.02 kg mass via a string that passes over an ideal pulley as shown in figure. A liquid film of thickness 0.6 mm is placed between the block and the table. When released the block moves to the right with a constant speed of 0.17 m/s. The co-efficient of viscosity of the liquid is :




(1) $3.45 \times 10^{-2}$ Pa - s

(2) $3.45 \times 10^{-3}$ Pa - s

(3) $3.45 \times 10^{2}$ Pa - s

(4) $3.45 \times 10^{3}$ Pa - s

161. Two reasons for using soft iron as the material for electromagnets.

(1) high permeability and low retentivity

(2) low permeability and low retentivity

(3) high permeability and high retentivity

(4) low permeability and high retentivity

158. એક પદાર્થના અણુની કાયમી દ્વિધ્રુવીય ચાકમાત્રા p છે. એક તીવ્ર સ્થિતવિદ્યુત ક્ષેત્ર E આપીને આ પદાર્થના એક મોલને ધ્રુવીભૂત કરવામાં આવે છે. એકાએક આ ક્ષેત્રની દિશા 60° ખૂણા જેટલી બદલવામાં આવે છે. જો N એવોગેડ્રો અંક હોય તો આ ક્ષેત્ર વડે થતું કાર્યનો જથ્થો છે :

(1) $\frac{1}{2}NpE$

(2) $NpE$

(3) $\frac{3}{2}NpE$

(4) $2NpE$

159. બે પિપુંડીઓ (organ pipes) કે જેમની મૂળભુત આવૃત્તિઓ $n_1$ અને $n_2$ છે તેમને શ્રેણીમાં જોડેલ છે. આ રીતે મેળવેલ નવી પિપુંડીની મૂળભૂત આવૃત્તિ થશે :


(1) $\frac{n_1+n_2}{2}$

(2) $\sqrt{n_1^2+n_2^2}$

(3) $\frac{n_1 n_2}{n_1+n_2}$

(4) $(n_1+n_2)$

160. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે જેના પાયાનું ક્ષેત્રફળ $0.2\ m^2$ તેવા એક બ્લોકને 0.02 kg નું દળ એક દોરી વડે એક આદર્શ ગરગડી પરથી લગાડેલ છે. એક પ્રવાહીનું 0.6 mm જાડાઈનું પાતળું સ્તર આ બ્લોક અને ટેબલ વચ્ચે મૂકવામાં આવે છે. જ્યારે બ્લોકને છોડવામાં આવે છે તો તે 0.17 m/s ની અચળ ઝડપથી જમણી તરફ ગતિ કરે છે. આ પ્રવાહીનો સ્નિગ્ધતાંક છે :




(1) $3.45 \times 10^{-2}$ Pa - s

(2) $3.45 \times 10^{-3}$ Pa - s

(3) $3.45 \times 10^{2}$ Pa - s

(4) $3.45 \times 10^{3}$ Pa - s

161. વિદ્યુતચુંબકોનાં દ્રવ્યમાં નરમ લોખંડનાં વપરાશના બે કારણો :


(1) ઉચ્ચ પારગમ્યતા અને નિમ્ન ધારિતા

(2) નિમ્ન પારગમ્યતા અને નિમ્ન ધારિતા

(3) ઉચ્ચ પારગમ્યતા અને ઉચ્ચ ધારિતા

(4) નિમ્ન પારગમ્યતા અને ઉચ્ચ ધારિતા

162.




A wheel having mass m has charges +q and −q on diametrically opposite points. It remains in equilibrium on a rough inclined plane in the presence of a vertical electric field E. Then value of E is :

(1) $\frac{mg}{q}$

(2) $\frac{mg}{2q}$

(3) $\frac{mg \tan\theta}{2q}$

(4) $\frac{mg \tan\theta}{q}$

163. One mole of a gas obeying the equation of state $P(V-b)=RT$ is made to expand from a state with coordinates $(P_1, V_1)$ to a state with $(P_2, V_2)$ along a process that is depicted by a straight line on a P − V diagram. Then, the work done is given by :

(1) $\frac{1}{2}(P_1+P_2)(V_2-V_1)$

(2) $\frac{1}{2}(P_2-P_1)(V_2-V_1)$

(3) $\frac{1}{2}(P_1+P_2)(V_2-V_1+2b)$

(4) $\frac{1}{2}(P_2-P_1)(V_2+V_1+2b)$

164. A circular coil of radius 10 cm, 500 turns and resistance 2 Ω is placed with its plane, perpendicular to the horizontal component of the earth's magnetic field. It is rotated about its vertical diameter through 180° in 0.25 s. The induced e.m.f. in the coil is (Take $H_E=3.0\times10^{-5}$ T) :


(1) $1.4\times10^{-2}$ V

(2) $2.6\times10^{-2}$ V

(3) $3.8\times10^{-3}$ V

(4) $6.6\times10^{-4}$ V

162.




m દળના એક પૈડા પર વ્યાસના બે વિરૂધ્ધ બિંદુઓ પર +q અને −q વિજભાર છે. એક ખરબચડા ઢળતાં પાટિયા પર ઉર્ધ્વ વિદ્યુતક્ષેત્ર E ની હાજરીમાં તે સંતુલનમાં રહે છે. તો E નું મૂલ્ય છે :

(1) $\frac{mg}{q}$

(2) $\frac{mg}{2q}$

(3) $\frac{mg \tan\theta}{2q}$

(4) $\frac{mg \tan\theta}{q}$

163. $P(V-b)=RT$ સ્થિતિ સમીકરણનું પાલન કરતા એક મોલ વાયુને $(P_1, V_1)$ યામ અવસ્થામાંથી $(P_2, V_2)$ યામ અવસ્થામાં વિસ્તારિત કરવામાં આવે છે જેની પ્રક્રિયાને P − V ડાયેગ્રામ પર સુરેખા વડે પ્રસ્થાપિત કરી શકાય છે. તો આમ થતું કાર્યને આપવામાં આવે છે :

(1) $\frac{1}{2}(P_1+P_2)(V_2-V_1)$

(2) $\frac{1}{2}(P_2-P_1)(V_2-V_1)$

(3) $\frac{1}{2}(P_1+P_2)(V_2-V_1+2b)$

(4) $\frac{1}{2}(P_2-P_1)(V_2+V_1+2b)$

164. 10 cm ત્રિજ્યા, 500 આંટા અને 2 Ω અવરોધ ધરાવતી એક કોઈલને તેનું સમતલ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સમક્ષિતિજ ઘટકને લંબ રહે તેમ મૂકેલ છે. તેને તેના ઉર્ધ્વ વ્યાસ ફરતે 0.25 s માં 180° ફેરવવામાં આવે છે. આ કોઈલમાં પ્રેરીત થતું e.m.f. છે. ($H_E=3.0\times10^{-5}$ T લો) :

(1) $1.4\times10^{-2}$ V

(2) $2.6\times10^{-2}$ V

(3) $3.8\times10^{-3}$ V

(4) $6.6\times10^{-4}$ V

**165.** The density of a metal at normal pressure is $\rho$. Its density when it is subjected to an excess pressure p is $\rho'$. If B is Bulk modulus of the metal, the ratio of $\frac{\rho'}{\rho}$ is :

(1) $\frac{1}{1-\frac{p}{B}}$

(2) $1+\frac{p}{B}$

(3) $\frac{1}{1+\frac{p}{B}}$

(4) $1+\frac{B}{p}$

**165.** સામાન્ય દબાણે એક ધાતુની ઘનતા $\rho$ છે. વધારાનું દબાણ p આપતા તેની ઘનતા $\rho'$ છે. જો તેનો કદ-સ્થિતિસ્થાપકતાં અંક B છે, તો $\frac{\rho'}{\rho}$ નો ગુણોત્તર છે :

(1) $\frac{1}{1-\frac{p}{B}}$

(2) $1+\frac{p}{B}$

(3) $\frac{1}{1+\frac{p}{B}}$

(4) $1+\frac{B}{p}$

**166.** Due to Doppler effect, the shift in wavelength observed is 0.1 Å, for a star producing a wavelength 6000 Å. The velocity of recession of the star will be :

(1) $2.5\ \mathrm{km\ s^{-1}}$

(2) $10\ \mathrm{km\ s^{-1}}$

(3) $5\ \mathrm{km\ s^{-1}}$

(4) $20\ \mathrm{km\ s^{-1}}$

**166.** ડોપ્લર અસરના લીધે, 6000 Å તરંગલંબાઈ ઉત્પન્ન કરતા એક તારા માટે તરંગલંબાઈમાં જોવા મળતી શિફ્ટ 0.1 Å છે. આ તારાની ગતિનું અવમંદન (recession) છે :

(1) $2.5\ \mathrm{km\ s^{-1}}$

(2) $10\ \mathrm{km\ s^{-1}}$

(3) $5\ \mathrm{km\ s^{-1}}$

(4) $20\ \mathrm{km\ s^{-1}}$

**167.** A person has near point at 60 cm. The focal length of spectacles lenses to read at 22 cm having glasses separated 2 cm from the eyes, is :

(1) 10 cm

(2) 20 cm

(3) 30 cm

(4) 40 cm

**167.** એક વ્યક્તિનું નજીકનું બિંદુ (near point) 60 cm છે. આંખથી 2 cm . દૂર રહેલ ચશ્માના ગ્લાસથી 22 cm દૂરનું વાંચવા માટેના ચશ્માના કાચની કેન્દ્રલંબાઈ છે :


(1) 10 cm

(2) 20 cm

(3) 30 cm

(4) 40 cm

168. A wall consists of alternating blocks of length 'd' and coefficient of thermal conductivity $K_1$ and $K_2$ respectively as shown in figure. The cross sectional area of the blocks are the same. The equivalent coefficient of thermal conductivity of the wall between left and right is :




(1) $\frac{2K_1K_2}{K_1+K_2}$

(2) $\frac{K_1+K_2}{3}$


(3) $\frac{3K_1K_2}{K_1+K_2}$

(4) $\frac{K_1+K_2}{2}$

169. The angle between $\vec{A}-\vec{B}$ and $\vec{A}\times\vec{B}$ is $(\vec{A}\neq\vec{B})$ :

(1) 90°
(2) 120°
(3) 45°
(4) 60°

170. An electron moves straight inside a charged parallel plate capacitor of uniform charge density σ. The space between the plates is filled with uniform magnetic field of intensity B, as shown in the figure. Neglecting effect of gravity, the time of straight line motion of the electron in the capacitor is :





(1) $\frac{\sigma}{\epsilon_0 l B}$

(2) $\frac{\epsilon_0 B}{\sigma}$

(3) $\frac{\sigma}{\epsilon_0 B}$

(4) $\frac{\epsilon_0 l B}{\sigma}$

168. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક દિવાલ એકાંતરે ક્રમશઃ $K_1$ અને $K_2$ ઉષ્મા વાહકતાંક ધરાવતા 'd' લંબાઈના બ્લોક્સ ધરાવે છે. આ બ્લોક્સના આડછેદ સમાન છે. આ દિવાલની ડાબી અને જમણી બાજુ વચ્ચેનો સમતુલ્ય ઉષ્મા વાહકતાંક છે :




(1) $\frac{2K_1K_2}{K_1+K_2}$

(2) $\frac{K_1+K_2}{3}$


(3) $\frac{3K_1K_2}{K_1+K_2}$

(4) $\frac{K_1+K_2}{2}$

169. $\vec{A}-\vec{B}$ અને $\vec{A}\times\vec{B}$ વચ્ચેનો ખૂણો $(\vec{A}\neq\vec{B})$ :

(1) 90°
(2) 120°
(3) 45°
(4) 60°

170. સમાન વિદ્યુત ઘનતા σ ધરાવતા એક વિજભારીત સમાંતર પ્લેટ્સ કેપેસિટરની અંદર એક ઈલેક્ટ્રોન સીધો ગતિ કરે છે. પ્લેટ્સ વચ્ચેની જગ્યા આકૃતિમાં બતાવ્યા મુજબ B તીવ્રતાનું સમાન ચુંબકીય ક્ષેત્રથી ભરવામાં આવેલ છે. ગુરૂત્વાકર્ષણની અસરને અવગણતા, કેપાસિટરમાં આ ઈલેક્ટ્રોનની સીધી લીટીમાં ગતિનો સમય છે :




(1) $\frac{\sigma}{\epsilon_0 l B}$

(2) $\frac{\epsilon_0 B}{\sigma}$

(3) $\frac{\sigma}{\epsilon_0 B}$

(4) $\frac{\epsilon_0 l B}{\sigma}$

171. A metal rod of 1 m length, is dropped exact vertically on to a hard metal floor. With an oscilloscope, it is determined that the impact produces a longitudinal wave of 1.2 kHz frequency. The speed of sound in the metal rod is :

(1) 2400 m/s
(2) 1800 m/s
(3) 1200 m/s
(4) 600 m/s

172. If the longest wavelength in the ultraviolet region of hydrogen spectrum is $\lambda_0$ then the shortest wavelength in its infrared region is :

(1) $\frac{20}{3}\lambda_0$
(2) $\frac{36}{5}\lambda_0$
(3) $\frac{27}{4}\lambda_0$
(4) $\frac{46}{7}\lambda_0$

173. A parallel beam of light of wavelength $\lambda$ is incident normally on a single slit of width d. Diffraction bands are obtained on a screen placed at a distance D from the slit. The second dark band from the central bright band will be at a distance given by :

(1) $\lambda d D$
(2) $\frac{\lambda D}{2d}$
(3) $\frac{2\lambda d}{D}$
(4) $\frac{2\lambda D}{d}$

174. The volume of 1 mole of an ideal gas with the adiabatic exponent $\gamma$ is changed according to the relation $V=\frac{b}{T}$ where b = constant. The amount of heat absorbed by the gas in the process if the temperature is increased by $\Delta T$ will be :

(1) $\frac{R}{\gamma-1}\Delta T$
(2) $\left(\frac{2-\gamma}{\gamma-1}\right)R\Delta T$
(3) $\frac{R\Delta T}{\gamma-1}$
(4) $\left(\frac{1-\gamma}{\gamma+1}\right)R\Delta T$

171. નક્કર ધાતુના ભોયતળિયા પર 1 m લંબાઈનો એક ધાતુનો સળિયો એકદમ શિરોલંબ છોડવામાં આવે છે. ઓસિલોસ્કોપ વડે એ શોધવામાં આવ્યું કે તે 1.2 kHz આવૃત્તિનો સંગત તરંગ ઉત્પન્ન કરે છે. આ ધાતુના સળિયામાં ધ્વનિની ઝડપ છે :

(1) 2400 m/s
(2) 1800 m/s
(3) 1200 m/s
(4) 600 m/s

172. હાઈડ્રોજન વર્ણપટના પાર-જાંબલી વિભાગની ઉચ્ચત્તમ (મહત્તમ) તરંગ લંબાઈ $\lambda_0$ છે તો તેના પાર-રક્ત વિભાગની ન્યૂનતમ તરંગલંબાઈ છે :

(1) $\frac{20}{3}\lambda_0$
(2) $\frac{36}{5}\lambda_0$
(3) $\frac{27}{4}\lambda_0$
(4) $\frac{46}{7}\lambda_0$

173. $\lambda$ તરંગ લંબાઈનો એક સમાંતર પ્રકાશ પુંજ d પહોળાઈની એક સિંગલ સ્લિટ પર લંબરૂપે આપાત થાય છે. વિવર્તન ભાત એ સ્લિટથી D અંતરે મુકેલ પડદા પર મળે છે. મધ્ય તેજસ્વી બેન્ડથી કેટલા અંતરે દ્વિધ્રુવીય અપ્રકાશીત બેન્ડ મળશે તે આપવામાં આવે છે :

(1) $\lambda d D$
(2) $\frac{\lambda D}{2d}$
(3) $\frac{2\lambda d}{D}$
(4) $\frac{2\lambda D}{d}$

174. 1 મોલ આદર્શ વાયુ કે જેનો સમોષ્મી ચરઘાતાંક $\gamma$ છે તેનું કદ $V=\frac{b}{T}$ સબંધની રીતે બદલાય છે જ્યાં b = અચળ. એ પ્રક્રિયા કે જેમાં તાપમાનમાં $\Delta T$ વધારો થાય તો આ વાયુ વડે શોષણ થતાં ઉષ્માનો જથ્થો થશે :

(1) $\frac{R}{\gamma-1}\Delta T$
(2) $\left(\frac{2-\gamma}{\gamma-1}\right)R\Delta T$
(3) $\frac{R\Delta T}{\gamma-1}$
(4) $\left(\frac{1-\gamma}{\gamma+1}\right)R\Delta T$

175. A girl jumps down from a moving bus, along the direction of motion of the bus, tilting slightly forward. She falls on (a) a sheet of ice (b) a patch of glue.

(1) In both cases (a) and (b) she falls forward.

(2) In both cases (a) and (b) she falls backward.

(3) In case (a) she falls forward and in case (b) she falls backward.

(4) In case (a) she falls backward and in case (b) she falls forward.

176. The rotational kinetic energy of a solid sphere of mass 3 kg and radius 0.2 m rolling down an inclined plane of height 7 m is :


(1) 60 J

(2) 36 J

(3) 70 J

(4) 42 J

177. A common emitter amplifier circuit is shown in the figure below. For the transistor used in the circuit the current amplification factor, $\beta_{dc} = 100$. Other parameters are mentioned in the figure.




We find that :

(1) $V_{BE} = +18.5$ V, $V_{BC} = +2.85$ V and amplifier is not working.

(2) $V_{BE} = +20.7$ V, $V_{BC} = +3.75$ V and amplifier is not working.

(3) $V_{BE} = +21.5$ V, $V_{BC} = -2.75$ V and amplifier is working.

(4) $V_{BE} = +18.2$ V, $V_{BC} = -3.45$ V and amplifier is working.

175. એક છોકરી ચાલુ બસે, બસની ગતિની દિશામાં થોડોક આગળ ઝુકીને નીચે કુદકો મારે છે. તે પડે છે (a) બરફની સીટ પર (b) ચીકણા ભાગ પર :

(1) બન્ને કિસ્સા (a) અને (b) માં તે આગળ તરફ પડશે.

(2) બન્ને કિસ્સા (a) અને (b) માં તે પાછળ તરફ પડશે.

(3) કિસ્સા (a) માં તે આગળ તરફ પડશે અને કિસ્સા (b) માં તે પાછળ તરફ પડશે.

(4) કિસ્સા (a) માં તે પાછળ તરફ પડશે અને કિસ્સા (b) માં તે આગળ તરફ પડશે.

176. 3 kg દળ અને 0.2 m ત્રિજ્યાનો એક ઘન ગોળો 7 m ઊંચાઈના એક ઢળતા પાટિયા પરથી રગડે છે જેની ભ્રમણ ગતિ ઊર્જા છે :


(1) 60 J

(2) 36 J

(3) 70 J

(4) 42 J

177. એક કોમન એમિટર એમ્પ્લિફાયર પરિપથ નીચેની આકૃતિમાં દર્શાવેલ છે. પરિપથમાં વપરાયેલ ટ્રાન્ઝિસ્ટરનો પ્રવાહવર્ધક અંક $\beta_{dc} = 100$ છે. બીજા પ્રાચલો આકૃતિમાં દર્શાવેલ છે.




અમે મેળવ્યું કે :

(1) $V_{BE} = +18.5$ V, $V_{BC} = +2.85$ V અને એમ્પ્લિફાયર કામ કરતો નથી.

(2) $V_{BE} = +20.7$ V, $V_{BC} = +3.75$ V અને એમ્પ્લિફાયર કામ કરતો નથી.

(3) $V_{BE} = +21.5$ V, $V_{BC} = -2.75$ V અને એમ્પ્લિફાયર કામ કરે છે.

(4) $V_{BE} = +18.2$ V, $V_{BC} = -3.45$ V અને એમ્પ્લિફાયર કામ કરે છે.

English-
178.
179

178. If the mass of neutron is $1.7 \times 10^{-27}$ kg, then the de-Broglie wavelength of neutron of energy 3 eV is : $(h = 6.6 \times 10^{-34}$ Js)

(1) $1.6 \times 10^{-10}$ m

(2) $1.65 \times 10^{-11}$ m

(3) $1.4 \times 10^{-10}$ m

(4) $1.4 \times 10^{-11}$ m

179. The angular momentum of a rigid body of mass m about an axis is n times the linear momentum (P) of the body. Total kinetic energy of the rigid body is :

(1) $\frac{P^2[1+n^2]}{2m}$

(2) $\frac{n^2 P^2}{2m}$

(3) $n^2 P^2 \times 2$ m

(4) $\frac{n^2 P^2}{2}$

180. A student performs an experiment of measuring the thickness of a slab with a vernier calliper whose 50 divisions of the vernier scale are equal to 49 divisions of the main scale. He noted that zero of the vernier scale is between 7.00 cm and 7.05 cm mark of the main scale and 23rd division of the vernier scale exactly coincides with the main scale. The measured value of the thickness of the given slab using the calliper will be :

(1) 7.23 cm

(2) 7.023 cm

(3) 7.073 cm

(4) 7.73 cm

-oOo-

178. જો ન્યૂટ્રોનનું દળ $1.7 \times 10^{-27}$ kg હોય, તો 3 eV ઊર્જા ધરાવતા ન્યૂટ્રોનની ડિ-બ્રોગ્લી તરંગ લંબાઈ છે : $(h = 6.6 \times 10^{-34}$ Js)

(1) $1.6 \times 10^{-10}$ m

(2) $1.65 \times 10^{-11}$ m

(3) $1.4 \times 10^{-10}$ m

(4) $1.4 \times 10^{-11}$ m

179. m દળના એક દઢ પદાર્થનું કોઈ એક અક્ષ ફરતે કોણીય વેગમાન તેના રેખીય વેગમાન (P) થી n ગણું છે. આ દઢ પદાર્થની કુલ ગતિ ઊર્જા છે :

(1) $\frac{P^2[1+n^2]}{2m}$

(2) $\frac{n^2 P^2}{2m}$

(3) $n^2 P^2 \times 2$ m

(4) $\frac{n^2 P^2}{2}$

180. એક વિદ્યાર્થી વર્નિયર કેલિપરની મદદથી એક ચોસલા (slab) ની જાડાઈ માપવાનો પ્રયોગ કરે છે. જયાં વર્નિયર સ્કેલના 50 કાપાએ મુખ્ય સ્કેલના 49 કાપા બરાબર છે. તે નોંધે છે કે વર્નિયર સ્કેલનો શૂન્ય મુખ્ય સ્કેલના 7.00 cm અને 7.05 cm વચ્ચે છે અને વર્નિયર સ્કેલનો 23મો કાપો મુખ્ય સ્કેલ સાથે સંપાત થાય છે. આ કેલિપરની મદદથી આપેલ ચોસલાની માપવામાં આવેલ જાડાઈ થશે :

(1) 7.23 cm

(2) 7.023 cm

(3) 7.073 cm

(4) 7.73 cm

-oOo-

SEAL

| *Read carefully the following instructions :* | *નિમ્ન સૂચનાઓને ધ્યાનપૂર્વક વાંચો :* |
|---|---|
| 1. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator. | 1. નિરિક્ષકની માંગ પર દરેક પરિક્ષાર્થીએ પ્રવેશ કાર્ડ બતાવવું. |
| 2. No candidate, without special permission of the Superintendent or Invigilator, would leave his/her seat. | 2. અધિક્ષક અથવા નિરિક્ષકની વિશેષ અનુમતિ વિના કોઈપણ પરિક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવું નહીં. |
| 3. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. **Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.** | 3. પરિક્ષાર્થીએ ડ્યુટી પર રહેલાં નિરિક્ષકને ઉત્તરવહિ સોંપ્યા વગર પરિક્ષા હૉલ છોડીને જવું નહીં અને હાજરી પત્રમાં બે વખત સહી કરવી. **જો પરિક્ષાર્થીએ હાજરી પત્રમાં બીજી વખત સહી ન કરી હોય, તો ઉત્તરવહિ સોંપવામાં આવી નથી તેમ માની લેવામાં આવશે અને તેને અનુચિત વ્યવહાર ગણવામાં આવશે.** |
| 4. Use of Electronic/Manual Calculator is prohibited. | 4. ઈલેક્ટ્રોનિક/હસ્તચલિત કેલક્યૂલેટરનો ઉપયોગ નિષેધ છે. |
| 5. The candidates are governed by all Rules and Regulations of the examination with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of this examination. | 5. પરિક્ષા હૉલમાં દરેક પરિક્ષાર્થીનાં વ્યવહાર બાબત, પરિક્ષા દ્વારા નિર્ધારિત ધારાધોરણને આધીન છે. અનુચિત વ્યવહારની બધી સ્થિતિમાં પરિક્ષાનાં ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. |
| 6. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances. | 6. આ પરિક્ષા પુસ્તિકા અને ઉત્તરવહિનો કોઈપણ ભાગ કોઈપણ સંજોગોમાં છૂટા પાડવા નહીં. |
| 7. The candidates will write the Correct Test Booklet Code as given in the Test Booklet/ Answer Sheet in the Attendance Sheet. | 7. પરિક્ષા પુસ્તિકા/ઉત્તરવહિમાં આપેલ પરિક્ષા પુસ્તિકા કોડને પરિક્ષાર્થીએ સરખી રીતે હાજરીપત્રમાં લખવું. |